e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 353
February 21, 2014

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪" સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમ તથા જામનગર મહાનગરપાલિકા મેયર ટીમ ચેમ્પીયન જીતેન્દ્ર પરમાર મેન ઓફ ધ સીરીઝ અને ધર્મેન્દ્ર સેલર મેન ઓફ ધ મેચ :–



સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીઓની ટીમો વચ્ચે અલાયદી ચેમ્પીયનશીપ માટે "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ"નું આયોજન તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેની ફાયનલ મેચમાં યોગેશ પટેલની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમે જામનગર મહાનગરપાલિકા સામે ૫૯ રનની માતબર સરસાઈથી વિજય મેળવી ચેમ્પીયનશીપ જાળવી રાખી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૧૦૦૮ કરોડના ખર્ચના પ્રકલ્પોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ પ્રસંગે સંજીવકુમાર ઓડિટોરિયમ, પાલ, સુરત ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તકતીઓની અનાવરણવિધિ બાબતઃ–



સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૧૦૦૮ કરોડના ખર્ચના પ્રકલ્પોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ પ્રસંગે સંજીવકુમાર ઓડિટોરિયમ, પાલ, સુરત ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તકતીઓની અનાવરણવિધિ રાખવામાં આવી હતી. જેમાં બી.આર.ટી.એસ. ફેઝ–૧, મરીન એકવેરીયમ, ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળના આવાસો, વિન્ડ પાવર, ફલાય ઓવરબ્રિજ, સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, શાળાના મકાનો, વાંચનાલય, શાંતિકુંજ, વેજીટેબલ માર્કેટ, પી.પી.પી. ધોરણે એસ્કેલેટર સહિતના ત્રણ ફૂટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સંજીવકુમાર ઓડિટોરીયમના શુભારંભ ઉજવણી કાર્યક્રમોઃ–

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના સપૂત અને રંગમંચના મહાન અદાકાર સ્વ.હરિભાઈ જરીવાલા ઉર્ફે સુજીવકુમારની સ્મૃતિમાં અદ્યતન સુવિધા સહિત સાકારિત "સંજીવકુમાર ઓડિટોરીયમ" લોકાર્પણ કાર્યક્રમ તા.૧૪/૦૨/૨૦૧૪ના રોજ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે યોજાયા બાદ રાત્રે ૮.૩૦ કલાકે પ્રથમ શો શ્રી અંકિત ત્રિવેદી ગૃપ સંચાલિત "લોકપ્રિય ગુજરાતી ગીતોની ષષ્ઠીપૂર્તિ" સુગમ સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જેને ઉપસ્થિત સંગીતરસિક નગરજનોએ માણ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડીટોરીયમનું બુકીંગ બાબતઃ–

સુરત મહાનગરપાલિકા સંચાલિત ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડીટોરીયમનું બુકીંગ અત્યાર સુધી સંસ્થા / આયોજક દ્વારા નિયત ફોર્મ ભરી રૂબરૂમાં કાર્યક્રમના પ્રકાર પ્રમાણે ૧૫ દિવસથી વધુ અને ૧૫૦ દિવસ પહેલાના દિવસો માટે નિયમ મુજબનું ભાડુ તથા ડીપોઝીટ ભરપાઈ કરી બુકીંગ કરવામા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા)માં સમાવિષ્ટ એસ.કે.પાર્ક સોસાયટી પાસે આશરે ૮૦' × ૨૫' ના માપની જુની મિલ્કતમાં દુકાનનાં શટર ફીટ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીથી સ્થળ પર રૂબરૂ કામ અટકાવેલ. આમ છતા મિલ્કતદારો દ્વારા દૂર કરવા કોઈ તજવીજ હાથ ન ધરાતાં સદર દુકાનનાં ૮ નંગ શટર અત્રેની ઝોન કચેરીના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૩૪ (મગોબ–ડુંભાલ) ની હદરેખા ઉપર આવેલ ફા.પ્લોટ નં.૪ને લાગુ હરીનર્સરી રોડ ખાતે ટી.પી. અમલીકરણ હેઠળના રસ્તા પૈકીની જગ્યામાં નડતરરૂપ કંપાઉન્ડ વોલનું બાંધકામ દુર કરી આશરે ૨૦૦૦ ચો.ફુટ જગ્યા આજરોજ ખુલ્લી કરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સ્વચ્છ સુરત – સ્વસ્થ સુરત – હરિયાળુ સુરત :–

તા. ૧૯–૨–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા), દ.ગુ.વિજ. કું. પાછળ આવેલ સુ.મ.પા.ના રીઝર્વેશન ફા.પ્લોટ નં. ૫૧,૫૨ તથા કેનાલ પૈકી ફા.પ્લોટ નં. ૪૩ વાળી ડી.પી. રોડની અસરમાં આવેલ જવાહરનગર ઝુંપડપટ્ટી ના ડિમોલીશન બાબતઃ–

પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) ના રીઝવર્ડ ફા.પ્લોટ નં. ૫૧ તથા ૫૨ તેમજ કેનાલ પૈકીના ફા.પ્લોટ નં. ૪૩ વાળી રસ્તાની અસર હેઠળ આવતી જવાહરનગર વસાહત માં આવેલ આશરે ૨૫ જેટલા ઝુપડાઓ તેમજ ૨(બે) તબેલાઓ તોડી આશરે ૫૦૦૦૦.૦૦ ચો.ફુટ જેટલી જગ્યાનો કબજો લેવામાં આવેલ છે. ડિમોલીશનની કામગીરી દરમ્યાન સ્થળ ઉપર સ્થાનીક ઝુપડાવાસીઓ તરફેથી ઉગ્ર વાંધો વિરોધ થતાં, લોકટોળા જમા થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ''ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૪'' સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમ તથા જામનગર મહાનગરપાલિકા મેયર ટીમ ચેમ્પીયન જીતેન્દ્ર પરમાર મેન ઓફ ધ સીરીઝ અને ધર્મેન્દ્ર સેલર મેન ઓફ ધ મેચ :–



સુરત મહાનગરપાલિકા દ્વારા ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓની મેયરશ્રીઓની ટીમો અને કમિશનરશ્રીઓની ટીમો વચ્ચે અલાયદી ચેમ્પીયનશીપ માટે ''ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ''નું આયોજન તા.૦૭/૦૨/૨૦૧૪ થી તા.૧૩/૦૨/૨૦૧૪ દરમ્યાન લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેની ફાયનલ મેચમાં યોગેશ પટેલની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમે જામનગર મહાનગરપાલિકા સામે ૫૯ રનની માતબર સરસાઈથી વિજય મેળવી ચેમ્પીયનશીપ જાળવી રાખી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે રાજકોટ ખાતે પણ સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમે ચેમ્પીગનશીપ મેળવી હતી. મેયર ટીમ ચેમ્પીયનશીપમાં રાજકોટ મહાનગરપાલિકા મેયર ટીમ અનિવાર્ય સંજોગોને કારણે હાજર ન રહી શકતા જામનગર મહાનગરપાલિકા મેયર ટીમને ચેમ્પીયન ઘોષિત કરવામાં આવી હતી.

મેચમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓ તરીકે સુરતના આધારસ્તંભ ખેલાડી જીતેન્દ્ર પરમારને 'મેન ઓફ ધ સીરીઝ' તેમજ 'શ્રેષ્ઠ બેટ્સમેન', ઓલ રાઉન્ડર ધર્મેન્દ્ર સેલરને ૧૮ બોલમાં ૪૦ રન તથા ૨૪ રનમાં ૨ વિકેટ બદલ 'મેન ઓફ ધ મેચ', નરેશ પરમારને ૧૫ રનમાં ૩ વિકેટ માટે 'શ્રેષ્ઠ બોલર' તથા જામનગરના ધર્મેન્દ્રસિંહ જાડેજાને 'શ્રેષ્ઠ ફિલ્ડર'ના પારિતોષિકથી નવાજવામાં આવ્યા હતાં.

સ્કોર :–

સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમ – ૧૭૦ રન ૪ વિકેટે (૨૦ ઓવર)

જીતેન્દ્ર પરમાર ૫૪ રન, ધર્મેન્દ્ર સેલર ૪૦ રન, પ્રવિણ પટેલ ૨૬ રન, દિનેશ પટેલ ૨૧ રન તથા નરેશ પરમાર ૧૫ રન

જીતેશ રાઠોડ ૨૩ રનમાં ૨ વિકેટ

જામનગર મહાનગરપાલિકા કમિશનર ટીમ–૧૧૧ રન ૮ વિકેટે (૨૦ ઓવર)

જયવીર રાણા ૨૧ રન, આશિષ મકવાણા ૧૬ રન, ભાવેશ મકવાણા ૨૧ રન

નરેશ પરમાર ૧૫ રનમાં ૩ વિકેટ, ધર્મેન્દ્ર સેલર ૨૪ રનમાં ૨ વિકેટ

પરિણામ :– સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમનો ૫૯ રને વિજય

મેચ બાદ સુરત મહાનગરપાલિકા મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના અધ્યક્ષ સ્થાને અને સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં, અન્ય મહાનગરપાલિકામાંથી પધારેલ પદાધિકારીશ્રીઓની હાજરીમાં ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો.

સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમને વિજય બદલ મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ડે.મેયરશ્રી દયાશંકર સિંહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષ નેતાશ્રી આર.કે.લાઠિયા, વિરોધ પક્ષ નેતાશ્રી બાબુભાઈ રાયકા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસા, ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓ તેમજ તમામ અધિકારી / કર્મચારી ગણે અભિનંદન વર્ષા કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૧૦૦૮ કરોડના ખર્ચના પ્રકલ્પોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ પ્રસંગે સંજીવકુમાર ઓડિટોરિયમ, પાલ, સુરત ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તકતીઓની અનાવરણવિધિ બાબતઃ–



સુરત મહાનગરપાલિકા દ્વારા રૂા. ૧૦૦૮ કરોડના ખર્ચના પ્રકલ્પોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ પ્રસંગે સંજીવકુમાર ઓડિટોરિયમ, પાલ, સુરત ખાતે ગુજરાત રાજયના મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તકતીઓની અનાવરણવિધિ રાખવામાં આવી હતી. જેમાં બી.આર.ટી.એસ. ફેઝ–૧, મરીન એકવેરીયમ, ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળના આવાસો, વિન્ડ પાવર, ફલાય ઓવરબ્રિજ, સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, શાળાના મકાનો, વાંચનાલય, શાંતિકુંજ, વેજીટેબલ માર્કેટ, પી.પી.પી. ધોરણે એસ્કેલેટર સહિતના ત્રણ ફૂટ ઓવરબ્રિજ, રસ્તા, તરણકુંડ, આંગણવાડી, રીફયુઝ સ્ટેશન, ડ્રેનેજ / સ્ટ્રોમ ડ્રેનેજ અને અદ્યતન ડેટા સેન્ટર જેવા વિવિધ પ્રકલ્પોના તકતીઓની અનાવરણવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

મા.મુખ્યમંત્રીશ્રીના આગમન પ્રસંગે સંજીવકુમાર ઓડિટોરીયમમાં સંજીવકુમારની ફિલ્મી સ્મૃતિઓની ડોકયુમેન્ટ્રી દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ સંજીવકુમાર ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા મા. મુખ્યમંત્રીશ્રીનું શાલ અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું અને સંજીવકુમાર ને મળેલ નેશનલ એવોર્ડ મા.મુખ્યમંત્રીશ્રી ને અર્પણ કરેલ જે સંજીવકુમારની સ્મૃતિ જળવાઈ રહે તે માટે સંજીવકુમાર ને મળેલ નેશનલ એવોર્ડ મેયરશ્રી ને અર્પણ કરવામાં આવેલ.

મા. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા દ્વારા આજરોજ રૂા. ૧૦૦૮ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત પ્રસંગે પધારેલ ગુજરાત રાજયના વિકાસ પુરૂષ મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે રાખવામાં આવેલ છે. જે સુરત મહાનગરપાલિકા માટે વસંત નો સૂર્ય પ્રકાશમાન બન્યો છે અને પૂનમ ચાંદની રાત્રે શીતળતા મળી છે. સુરત એટલે હીરાની નગરી આજરોજ અનેક પ્રકલ્પો જેવા કે આવાસો,બીઆરટીએસ ફેઝ–૧, ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ,અધતન સુવિધા સહિત સંજીવકુમાર ઓડિટોરીયમનું નિર્માણ કરીને સુરત શહેરના સંપૂત ને ભાવાંજલી અર્પણ કરી છે. તેમજ વિશ્વકક્ષાનું મરીન એકવેરિયમ,અધતન ડેટા સેન્ટર વિગેરે પ્રકલ્પો પૂર્ણ કરી પ્રજાજનોની સુખાકારીમાં વધારો કર્યો છે.

ગુજરાત રાજયના મહેસુલ મંત્રીશ્રી આનંદીબેન પટેલે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે શહેરીકરણ અને વિકાસ સાથે સાથે શહેરોમાં વાજબી કિંમતના આવાસોની જરૂરિયાતને પૂર્ણ કરવા તેમજ હયાત ઝૂંપડટ્ટીઓનું પુનઃવસન કરી ઝૂંપડાવાસીઓને સ્વચ્છ અને સ્વસ્થ જીવનશૈલી પ્રદાન કરવાના ઉમદા હેતુથી રાજય સરકાર ધ્વારા મહત્વાકાંક્ષી મુખ્યમંત્રી ગૃહ યોજનાની જાહેરાત ઓગસ્ટ–૨૦૧૩માં કરવામાં આવેલ. આ યોજનાનો ઉદેશ – ઝૂંપડપટ્ટી મુકત શહેરો તેમજ સૌને આવાસ પૂર્ણ કરવા આગામી પાંચ વર્ષમાં શહેરી વિસ્તારમાં ૨૨ લાખ આવાસો પૂરા પાડવાનું રાજય સરકારનું ધ્યેય છે.

મા.મુખ્યમંત્રીશ્રીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે વિવિધ પ્રકારની સુવિધા સાથે શહેરી વિસ્તારમાં ૨૨ લાખ મકાનો અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૮ લાખ મકાનો કુલમળી ૫૦ લાખ મકાનો બનાવી આપીશું. જે ભવ્ય ગુજરાત બનાવવાનું સ્વપ્ન સાકાર થતું જોઈશું.

એક સાથે વિવિધ થનાર પ્રકલ્પોનું લોકાર્પણ, શિલાન્યાસ એ ધબકતા સુરતની અનુભૂતિ કરાવે છે. સુરતની જનતાને અભિનંદન આપ્યા હતા. સુરતના સપૂતને સુરત મહાનગરપાલિકાએ સન્માન આપ્યું છે. હિન્દુસ્તાનના કલાકારને ૧૦૦ કરોડના ખર્ચે ઓડિટોરીયમ બનાવી શ્રધ્ધાંજલી આપવામાં આવી. રાજનેતા માટે ઘણું થાય છે પરંતુ કલાકાર માટે ભાગ્યેજ આવું થતુ હોય છે.કલા રાજયથી પુરસ્કૃત થવી જોઈએ.

સુરત શહેરમાં પાણીની કમી નથી તેમ છતાં પણ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા ૪ કરોડ લિટર પાણી ઈન્ડસ્ટ્રીઝ ને પુરું પડાશે અને પાણીનો સદ્ ઉપયોગ થાય તે મહત્વનું છે.આઈ.ટી. ક્ષેત્રમાં સોફટવેર દ્વારા આજની યુવા પેઢી આઈડલ બનવા માંગે છે તે માટે સોફટવેર ટેકનોલોજીનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને ડીઝીટલ ઈનડિયા નું સ્વપ્ન સાકાર કરવા તરફ જઈ રહયું છે.

ગરીબ પરિવારને ઘર મળે તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. ગરીબ ને ઘર મળે તો તેનો વિકાસ થશે. મહાત્મા ગાંધીના ૫ વર્ષ પછી ૧૫૦ મી જયંતિ આવે ત્યારે આપણો દેશ, ગુજરાત અને સુરત શહેર કેવું હોય તેનુ લક્ષ્ય નિર્ધાર કર્યો છે. સને ૧૯૯૮ માં રૂા. ૫૦૦૦ કરોડનું ગુજરાતનું બજેટ હતું. જે હાલમાં રૂ. ૪૧૦૦ કરોડ ના આવાસ માટે છે જે ગુજરાત નો વિકાસ બતાવે છે.

બી.આર.ટી.એસ. ફેઝ– ૧ નુ લોકાર્પણ એ સુરત મહાનગરપાલિકાનું એક નજરાણું છે. બસમા ચઢવા–ઉતરવા માટે પ્લેટફોર્મ લેવલ, બસના ફલોર લેવલ મુજબ રાખવામાં આવેલ છે. મુસાફરો ઝડપથી અને આસાની થી બસમા ચઢ ી–ઉતરી શકે.સલામત, કિફાયતી અને આરામદાયક તેમજ ઝડપી અને ભરોસાપાત્ર જાહેર પરિવહન સેવા બી.આર.ટી.એસ. ને લીધે હવામાન, પ્રદુષણમાં ઘટાડો થવાથી પર્યાવરણની ગુણવત્તા સુધારો થશે તેમજ પ્રાઈવેટ વાહનોની સંખ્યામાં ઘડાડો થશે અને અલગ સાઈકલ ટ્રેક હોવાથી સાઈકલના વપરાશને ઉતેજન મળશે.

સુરત શહેરમાં અડાજણ વિસ્તારમાં તાપી નદીનાં કિનારે પાલ–હજીરા રોડ પાસે ડો. જગદીશચંદ્ર બોઝ ઉધાનના ૨૫૭૨૨ ચો.મી. ના વિસ્તારમાં રૂા ૧૮૦૦ લાખનાં અંદાજીત ખર્ચે શાર્ક પુલ સહિતનું સમગ્ર ભારતભરનું સૌથી મોટું એકવેરિયમ તૈયાર કરવામાં આવેલ છે જે મુખ્ય આકર્ષણ છે. જેનાથી જીવ સુષ્ટિનું, આનંદ પ્રમોદ શિક્ષણનું સાધન બનશે

અને જે ટુરિઝમ ને ઉપયોગી બનશે. આમ સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહુર્તો થયા છે જે અભિનંદનીય છેં અને જેનાથી શહેરીજનોની સુવિધાઓમાં વધારો થયો છે.

TOP

## સંજીવકુમાર ઓડિટોરીયમના શુભારંભ ઉજવણી કાર્યક્રમો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતના સપૂત અને રંગમંચના મહાન અદાકાર સ્વ.હરિભાઈ જરીવાલા ઉર્ફે સુજીવકુમારની સ્મૃતિમાં અદ્યતન સુવિધા સહિત સાકારિત ''સંજીવકુમાર ઓડિટોરીયમ'' લોકાર્પણ કાર્યક્રમ તા.૧૪/૦૨/૨૦૧૪ના રોજ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે યોજાયા બાદ રાત્રે ૮.૩૦ કલાકે પ્રથમ શો શ્રી અંકિત ત્રિવેદી ગૃપ સંચાલિત ''લોકપ્રિય ગુજરાતી ગીતોની ષષ્ઠીપૂર્તિ'' સુગમ સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જેને ઉપસ્થિત સંગીતરસિક નગરજનોએ માણ્યો હતો.

નવનિર્મિત '' સંજીવકુમાર ઓડિટોરીયમ '' લોકાર્પણ ઉજવણી કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪/૦૨/૨૦૧૪ થી તા.૨૨/૦૨/૨૦૧૪ દરમ્યાન વિવિધ કાર્યક્રોનું આયોજન સંજીવકુમાર ઓડિટોરિયમ, અન્નપૂર્ણા મંદિરની સામે, રાજહંસ સીનેમાની પાછળ, સુરત–હજીરા રોડ, પાલ, સુરત ખાતે કરવામાં આવેલ છે. હવે પછી રજુ થનાર કાર્યક્રમો નીચે મુજબ છે.

**સંજીવકુમાર ઓડિટોરીયમના શુભારંભ ઉજવણી અંતર્ગત યોજાનાર કાર્યક્રમો**

| ક્રમ | તારીખ/વાર | કાર્યક્રમ | સમય |
|---|---|---|---|
| ૧ | ૧૬/૦૨/૨૦૧૪<br>રવિવાર | યઝદી કરંજીયાનું નાટક<br>''કૂતરાની પૂંછડી વાંકી'' | રાત્રે ૮.૩૦ કલાકે |
| ૨ | ૧૮/૦૨/૨૦૧૪<br>મંગળવાર | આનંદ પલવલકરગૃપ સંચાલિત<br>''સંજીવકુમારના ગીતોની એક યાદગર સફર'' | રાત્રે ૮.૩૦ કલાકે |
| ૩ | ૨૦/૦૨/૨૦૧૪<br>ગુરૂવાર | સૂર મહેક ગૃપ<br>સૂખદેવ ઘામેલીયા અને અન્ય કલાકારો<br>''ડાયરો'' | રાત્રે ૮.૩૦ કલાકે |
| ૪ | ૨૧/૦૨/૨૦૧૪<br>શુક્રવાર | સુરત શહેરની વિવિધ નૃત્ય, કલા સંસ્થાઓનો<br>ભરત નાટ્યમ, કલાસીકલ નૃત્ય | રાત્રે ૮.૩૦ કલાકે |
| ૫ | ૨૨/૦૨/૨૦૧૪<br>શનિવાર | સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૧મી નાટ્ય<br>સ્પર્ધામાં પ્રથમ વિજેતા નાટક<br>''ખેલંદો'' | રાત્રે ૮.૩૦ કલાકે |

''સંજીવકુમાર ઓડિટોરીયમ''ના શુભારંભ ઉજવણી અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમોને માણવા સુરતના રસજ્ઞ કલાપ્રેમી નગરજનોને હાર્દિક નિમંત્રણ છે. પ્રવેશ તેમજ બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડીટોરીયમનું બુકીંગ બાબતઃ–

સુરત મહાનગરપાલિકા સંચાલિત ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડીટોરીયમનું બુકીંગ અત્યાર સુધી સંસ્થા / આયોજક દ્વારા નિયત ફોર્મ ભરી રૂબરૂમાં કાર્યક્રમના પ્રકાર પ્રમાણે ૧૫ દિવસથી વધુ અને ૧૫૦ દિવસ પહેલાના દિવસો માટે નિયમ મુજબનું ભાડુ તથા ડીપોઝીટ ભરપાઈ કરી બુકીંગ કરવામાં આવે છે.

ઈ ગર્વન્સના ભાગરૂપે ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે કાર્યક્રમોનું આયોજન કરતા આયોજક / સંસ્થા તથા જાહેર જનતા સીંગલ કિલકથી સદર ત્રણે ઓડીટોરીયમનું બુકીંગ તા. ૧૪–૦૨–૨૦૧૪થી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપરથી થઈ શકે તેમાટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

હવે પછી સામાન્ય સભાના ઠરાવથી ગાંધી સ્મૃતિ ભવન, સરદાર પટેલ સ્મૃતિ ભવન અને સંજીવકુમાર ઓડીટોરીયમનો ઉપયોગ કરવા સંબંધી જરૂરી નિતી–નિયમો નકકી કરવામાં આવેલ છે. તે નિતી–નિયમો મુજબ, તા. ૧૪–૦૨–૨૦૧૪થી ઓનલાઈન બુકીંગ શરૂ કરવામાં આવેલ હોય, હવે પછી સંસ્થા / આયોજક,જાહેર જનતાએ હાર્ડકોપીમાં ફોર્મ તથા નાણાં જે તે ઓડીટોરીયમની કચેરીમાં ભરવાના રહેશે નહિ. પરંતુ ઓનલાઈન હોલ બુકીંગ માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપરથી નિયમ મુજબની ઉપલબ્ધ તારીખોનું બુકીંગ, (કાર્યક્રમના પ્રકાર પ્રમાણે ૧૫ દિવસથી વધુ અને ૧૫૦ દિવસ પહેલાના દિવસો માટે) નિયત કરેલ ભાડા, ડીપોઝીટ ઓનલાઈન પેમેન્ટ કરી કરાવવાનું રહે છે. વધુમાં હવે પછી બુકીંગ, પોલીસ પરવાનગી, જેવી કામગીરી માટે જે તે ઓડીટોરીયમનો સંપર્ક કરવાને બદલે સુરત મહાનગર પાલિકાની વેબસાઈટ પર જરૂરી ટ્રાન્ઝેકશન આઈ.ડી.નો ઉપયોગ કરી સદર કાર્યવાહી કરી શકાશે, જેની જાહેર જનતાએ નોંધી લેવી.

TOP

## સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકા સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા)માં સમાવિષ્ટ એસ.કે.પાર્ક સોસાયટી પાસે આશરે ૮૦' × ૨૫' ના માપની જુની મિલ્કતમાં દુકાનનાં શટર ફીટ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીથી સ્થળ પર રૂબરૂ કામ અટકાવેલ. આમ છતા મિલ્કતદારો દ્વારા દૂર કરવા કોઈ તજવીજ હાથ ન ધરાતાં સદર દુકાનનાં ૮ નંગ શટર અત્રેની ઝોન કચેરીના ટેકનીકલ સ્ટાફ અને દબાણ સ્ટાફ દ્વારા આજરોજ દૂર કરી જમા લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ–ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૩૪ (મગોબ–ડુંભાલ) ની હદરેખા ઉપર આવેલ ફા.પ્લોટ નં.૪ને લાગુ હરીનર્સરી રોડ ખાતે ટી.પી. અમલીકરણ હેઠળના રસ્તા પૈકીની જગ્યામાં નડતરરૂપ કંપાઉન્ડ વોલનું બાંધકામ દુર કરી આશરે ૨૦૦૦ ચો.ફુટ જગ્યા આજરોજ ખુલ્લી કરી રસ્તો પહોળો કરવામાં આવેલ છે. ઉપરોકત સમગ્ર કામગીરી લિંબાયત ઝોનના શહેર વિકાસના સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા

## સ્વચ્છ સુરત – સ્વસ્થ સુરત – હરિયાળુ સુરત

તા. ૧૯–૨–૧૪ નાં રોજ બુધવારની સંકલિત ગૃપ સફાઈ કામગીરીનો રીપોર્ટ

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૩ |
| ૧ | ડે. ઈજનેર | ૫ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરીક્ષક | ૧૬ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૯ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૨ |
| ૫ | ટેકનીકલ આસી. | ૧૫ |
| ૬ | વાયરમેન | ૧૨ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૬૨ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૨૫ |
| ૧૦ | કડીયા | ૪ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૫૪૯ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૭૦ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૪૪.૦૮ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૨૩ |
| ૧૩ બ | લારી | ૧૧ |
| ૧૩ ક | ગલ્લા | ૧૨ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૧૪૧ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૪૧ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૫૬૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૩૫ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૬૧૫ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૫ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૦ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૮૪ |
| | વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | ૦ |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૭૧૫૪ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૭૩૩૬ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૨૫ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૧૪ |
| ૨૪ અ | એનો. | ૬ |
| ૨૪ બ | એડીસ | ૧૭ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |

| | | |
|---|---|---|
| ૨૪ ડ | મિશ્ર | ૨ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૭૧૫ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૨૩ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૫૩ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૩૩૪૦૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૧૫૬ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૭ |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૪૯.૨ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૧ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૧ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૨ |

TOP

| સફાઈ ઝુંબેશનો વિસ્તાર :– | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | ભંડારીવાડ નાકાથી સગરામપુરા મેઈનરોડ પુતળી સુધી, મંછરપુરા કોલસાવાડ વિસ્તાર, સુર્યકિરણ કન્ટેઈનર થી સાહિત્ય સંગમની ગલી થઈ માળી ફળીયા સુધી, ક્રાઉન ડેરીથી લખપતિ હોસ્પીટલ થઈ ધરમનાં કાંટા ચાર રસ્તા સુધી. |
| વરાછા ઝોન | : | નાના વરાછા વોર્ડ વિસ્તાર |
| રાંદેર ઝોન | : | સરદાર સર્કલથી અડાજણ ગેસ સર્કલ, અડાજણ ગેસ સર્કલ થી હજીરા જકાત નાકા, હજીરા જકાત નાકા થી રાજહંસ થીયેટર સુધી, રાજહંસ થીયેટર થી આરટીઓ ઓફીસ સુધી, આરટીઓ ઓફીસથી પાલ પાટીયા સુધી |
| કતારગામ ઝોન | : | કોસાડ આવાસ એચ–૪ નાં તમામ ખાંચા તથા મુખ્ય રસ્તાની સફાઈ |
| ઉધના ઝોન | : | તીરૂપતી નગર, દારૂફલા મેઈનરોડ, એન.કે.,એન.એલ.,, હિદાયતનગર, મગદુમ નગર, નિશાંતપાર્ક, સાહીલનગર |
| અઠવા ઝોન | : | ગેલ કોલોનીથી રત્ન જયોતિ ચાર રસ્તા, મણીબા ફાર્મથી સીટીલાઈટ ચાર રસ્તા |
| લીંબાયત ઝોન | : | આંજણા મગોબ વોર્ડ વિસ્તાર, કૃણાલ ઈન્ડ. ખાડી પુલથી નવા પુલ મકદુમનગર નાકા નહેરની બન્ને બાજુ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી અનવર નગર સુધીની નહેરની બન્ને બાજ, સમ્રાટ સ્કુલથી ઢાકા સર્કલ સુધી નહેરની બન્ને બાજુ,<br>ઢાકા સર્કલથી પરવત પાટીયા સુધીની નહેરની બન્ને બાજુ |

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા), દ.ગુ.વિજ. કું. પાછળ આવેલ સુ.મ.પા.ના રીઝર્વેશન ફા.પ્લોટ નં. ૫૧,૫૨ તથા કેનાલ પૈકી ફા.પ્લોટ નં. ૪૩ વાળી ડી.પી. રોડની અસરમાં આવેલ જવાહરનગર ઝુંપડપટ્ટી ના ડિમોલીશન બાબત :–

પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૬(કપાદ્રા) ના રીઝવર્ડ ફા.પ્લોટ નં. ૫૧ તથા ૫૨ તેમજ કેનાલ પૈકીના ફા.પ્લોટ નં. ૪૩ વાળી રસ્તાની અસર હેઠળ આવતી જવાહરનગર વસાહત માં આવેલ આશરે ૨૫ જેટલા ઝુપડાઓ તેમજ ૨(બે) તબેલાઓ તોડી આશરે ૫૦૦૦૦.૦૦ ચો.ફુટ જેટલી જગ્યાનો કબજો લેવામાં આવેલ છે. ડિમોલીશનની કામગીરી દરમ્યાન સ્થળ ઉપર સ્થાનીક ઝુપડાવાસીઓ તરફેથી ઉગ્ર વાંધો વિરોધ થતાં, લોકટોળા જમા થઈ તેમજ એક સમયે વાતાવરણ તંગદીલીભર્યુ બનેલ. આ દરમ્યાન સ્થળ પર હાજર રહેલ પોલીસ સ્ટાફ દ્વારા દરમ્યાનગીરી કરી મામલો થાળે પાડી વાતાવરણ હળવું કરી, ડિમોલીશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ.

ઉકત કામગીરી એડી.સીટી ઈજનેર ની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની આગેવાની હેઠળ વરાછા ઝોનના ઈજનેરી સ્ટાફ, દબાણ ખાતાના સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ મારફતે પૂર્ણ કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં પોલીસ ખાતા દ્વારા સહરાનીય કામગીરી કરવામાં આવેલ.

TOP